# નદીમાં કામળો

## ઈશા સરદેસાઈ દ્વારા પુનર્લિખિત

નદી તેજ ગતિથી વહી રહી હતી, તેનો પ્રવાહ માર્ગમાં રહેલા પથ્થરો સાથે અથડાઈને નાના ફૂવારાની જેમ ઊછળી રહ્યો હતો, તેમછતાં તે અટક્યા વગર વહી રહી હતી. બે યુવકો નદી કિનારે ઊભા રહીને ગભરાટ સાથે પાણીના આ તેજપ્રવાહને જોઈ રહ્યા હતા. તેમણે નદી પાર કરવી હતી, પણ કેવી રીતે?

થોડા કલાક પહેલાં, આ બંને યુવકો તેમની ટુકડીથી છૂટા પડી ગયા હતા, જેમની સાથે તેઓ પગપાળા પ્રવાસ કરવા આવ્યા હતા. તેઓ ઉત્તર અમેરિકામાં આવેલા 'કૅનેડિઅન વિલ્ડર્નિસ' નામના એક જંગલમાં ક્યાંક દૂર હતા. તેઓ તેમના મિત્રોને અથવા તો કૅમ્પ તરફ જતાં કોઈ રસ્તાને શોધી રહ્યા હતા અને ચાલી-ચાલીને થાકી ગયા હતા. છેવટે, તેઓ અહીં નદીના કિનારે આવી પહોંચ્યા.

તેમાંના એક યુવકનું નામ હતું, રૅમી. તેણે પોતાના બૂટ ઉતારીને પગનો અંગૂઠો પાણીમાં ડૂબાવ્યો. તે ચમકીને થોડો પાછળ હટી ગયો. પાણી ઠંડું હતું.

જ્યારે રૅમી તેણે પહેરેલાં વધારાના કપડાં ઉતારી રહ્યો હતો ત્યારે તેણે તેના મિત્ર સામે જોયું.

''લીઓન, તું તૈયાર છે ને?'' તેણે પૂછ્યું.

લીઓન ચૂપચાપ પાણીને એકીટશે જોઈ રહ્યો હતો. તેનો ચહેરો ફીકો પડી ગયો હતો. તેના હોઠ કાંપી રહ્યા હતા.

રૅમીએ તેનો હાથ પકડીને તેને ધીમેથી ખેંચ્યો. ''ચાલ. આ યાત્રા સહેલી તો નહીં હોય, પણ તું કરી શકીશ. તને તરતા આવડે છે.''

કંઈપણ બોલ્યા વિના લીઓને માથું હલાવીને હા પાડી, તેનો ચહેરો હજીપણ ફીકો હતો અને બંને એકસાથે પાણીમાં ચાલવા લાગ્યા. પાણીનો પ્રવાહ ખૂબ તેજ હતો જેને કારણે તેમનાં શરીર પ્રવાહની દિશામાં ધકેલાઈ રહ્યાં હતાં.

રૅમીએ પૂરી તાકાત લગાવી અને સાથે-સાથે ખૂબ હિંમત ભેગી કરીને પાણીમાં પહેલાં એક હાથ માર્યો અને પછી બીજો. તે પગ ઉછાળીને તરવા લાગ્યો. તે આ રીતે પાણીમાં વારંવાર પોતાના હાથ-પગ હલાવતો તરી રહ્યો હતો અને વચ્ચે-વચ્ચે ઊંડા શ્વાસ લઈ રહ્યો હતો. આખરે, થોડીવાર સુધી સખત પ્રયત્ન કર્યા પછી તેને લાગ્યું કે તેની ગતિ સ્થિર થઈ રહી છે. તેને શરીરને સંતુલિત રાખવાની સમજ આવી ગઈ હતી; તેનું શરીર પાણીના પ્રવાહ સાથે

આગળ વધી રહ્યું હતું. તેને સમજાયું કે તે પ્રવાહ *સાથે* તરી શકશે, તેણે પાણી કેવી રીતે અને ક્યાં વહે છે તેનું ધ્યાન રાખીને તે પ્રમાણે તેના હાથ-પગ ચલાવવા પડશે. તેણે વિચાર્યું, *'હા, હું આ કરી શકીશ.'*

અને જ્યારે પાણીની લહેરો તેની ઉપરથી વહી રહી હતી, ત્યારે તેણે અમુક-અમુક જગ્યાએ હૂંફાળા પાણીનો અનુભવ કર્યો. એકવાર ફરી તેનું દષ્ટિક્ષેત્ર વિસ્તૃત થઈ ગયું અને તેને પોતાની નજીક અને દૂર વહી રહેલું પાણી દેખાવા લાગ્યું. તેણે નદી પાર કરવા માટેના બધાં જ રસ્તાઓ જોયા. ઉદાહરણ રૂપે, અમુક ભાગ એવો હતો જ્યાં પાણી છીછરું દેખાતું હતું અને એવી જગ્યાઓ પણ હતી જ્યાં પ્રવાહની ગતિ ઓછી લાગતી હતી.

રૅમીએ કહ્યું, ''લીઓન, શું તને ત્યાં કંઈ દેખાય છે?'' આમ કહીને રૅમી તેના મિત્રને ચારેબાજુ શોધવા લાગ્યો કારણકે તે તેને પાણીનો એક વધુ શાંત પ્રવાહવાળો ભાગ બતાવવા માંગતો હતો.

પરંતુ — લીઓન ક્યાંય દેખાતો નહોતો.

''લીઓન!'' રૅમીએ ફરીથી બૂમ પાડી, જોકે આ વખતે તેના અવાજમાં ગંભીરતા હતી. ''લીઓન, તું ક્યાં છે?'' તે વ્યાકુળતાથી ડાબી અને જમણી બાજુ જોવા લાગ્યો, તેના પગ હજીપણ પાણીમાં નીચે જોર-જોરથી ચાલી રહ્યા હતા જેને લીધે પાણીનો પ્રવાહ બહાર ફેંકાઈને ફીણ બનાવતો હતો. પણ કોઈ દેખાતું નહોતું.

આવી જ રીતે થોડી ક્ષણો વીતી ગઈ પણ રૅમીને એક-એક ક્ષણ ઘણી લાંબી લાગી રહી હતી. છેવટે થોડીવાર પછી, પાણીના પ્રવાહની દિશામાંથી, કોઈ એક જગ્યાએથી તેને એક ધીમો અવાજ સંભળાયો.

''રૅમી — રૅમી, તું ક્યાં છે?''

''લીઓન! તું ક્યાંથી બોલે છે?''

રૅમી બની શકે એટલી ઝડપથી અવાજની દિશામાં તરવા લાગ્યો. જલ્દીથી, તે નદીના એક વળાંક પાસે આવી પહોંચ્યો. અને ત્યાં તેણે લીઓનને જોયો જેણે એક મોટા પથ્થરને કસીને પકડી રાખ્યો હતો, તે ખૂબ ઝડપથી પોતાના પગ છટપટાવી રહ્યો હતો. એવું લાગતું હતું જાણે તેનું શરીર પાણીની લહેરને લીધે ઉપર-નીચે, આમતેમ થઈ રહ્યું હતું.

રૅમીએ બૂમ પાડી, ''લીઓન, તું શું કરી રહ્યો છે?''

લીઓને માથું ઉપર કરીને તેના મિત્રને જોયો. તેણે દુઃખી અવાજમાં જવાબ આપતા કહ્યું, ''રૅમી! હું આ નહીં કરી શકું.''

રૅમીએ મોટેથી કહ્યું, ''તું શું કહેવા માગે છે? તરવાનું ચાલુ રાખ, લીઓન! મારો વિશ્વાસ કર, એ એટલું અઘરું નથી.''

‘‘ના, ના, એ શક્ય જ નથી. તરવાનો આ વિચાર જ બહુ ખરાબ હતો,’’ લીઓને નિસાસો નાખતા કહ્યું. પાણીની એક છાલક તેના ચહેરા પર અથડાઈ.

‘‘લીઓન, મારી વાત તો સાંભળ…’’

પણ લીઓન સાંભળવા માગતો નહોતો. તેણે કહ્યું, ‘‘મને વિશ્વાસ નથી થતો કે મેં આવું કરવાની તારી સલાહ કેમ માની લીધી.’’

‘‘લીઓન — તું બસ, *તરતો રહે!*’’

લીઓને મનમાં વિચાર્યું, *‘તેના માટે આ કહેવું સહેલું છે. તેને કેટલું સરસ તરતાં આવડે છે.’* લીઓન ધીરે-ધીરે રડવા લાગ્યો, પાણીનો પ્રવાહ તેને હજીપણ આમતેમ ધકેલી રહ્યો હતો.

અને ત્યારે જ, લીઓને એક તરફ દેખાયું કે પાણીની સપાટી પરથી કંઈક તેના તરફ વેગથી આવી રહ્યું હતું. તે મોટું, કથ્થઈ રંગનું, બરછટ રેસાવાળું દેખાતું હતું.

‘‘રેમી, રેમી — આ જો! આપણે પેલે પાર જવા માટે આનો ઉપયોગ કરી શકીએ છીએ.’’ તેણે ઉત્સાહપૂર્વક કહ્યું.

રેમી હજીપણ તરી રહ્યો હતો જેથી તે પ્રવાહમાં તણાઈ ન જાય એટલે આ વસ્તુ પર તેનું ધ્યાન ન ગયું જે ઝડપથી પસાર થઈ ગઈ. હવે, જ્યારે તે વસ્તુ લીઓન તરફ જઈ રહી હતી, ત્યારે તેને સારીરીતે જોવા તેણે એ તરફ નજર કરી.

‘‘મને ખબર નથી કે એ શું છે…’’ તેણે એક ક્ષણ પછી કહ્યું.

પરંતુ, લીઓન તો એ મોટી, કથ્થઈ વસ્તુ સુધી પહોંચી ચૂક્યો હતો. તેણે બૂમ પાડીને કહ્યું, ‘‘મને લાગે છે કે આ એક કામળો છે!’’

રેમીએ કહ્યું, ‘‘*શું?* કોઈએ કામળા પર બેસીને નદી પાર કરી હોય એવું મેં ક્યારેય નથી સાંભળ્યું. ચાલ લીઓન, આપણે તરીએ એ જ વધારે સારું રહેશે.’’

પણ તેના શબ્દોની અસર જોઈને એવું લાગતું હતું કે રેમી પાણી સાથે વાત કરી રહ્યો છે. લીઓન તો કામળાની ઉપર ચઢવામાં વ્યસ્ત હતો. તેના પગ ઘણીવાર લપસી ગયા, પણ અંતે તે તેના પર સ્થિરતાથી સવાર થઈ ગયો. તેણે કામળાની ધારને મજબૂતીથી પકડી લીધી.

અને થોડા સમય સુધી, તે કામળા પર નમીને બસ બેસી રહ્યો, તેનું શરીર એ જાડી, ઊનની ચટાઈ પર ડૂબી રહ્યું હતું. તેણે ધીમેથી રાહતનો ઊંડો શ્વાસ લીધો. *હાડડડડડડશ!* હવે તે સુરક્ષિત હતો.

વાસ્તવમાં, તેને એ કામળા પર એટલી સુરક્ષા અને એટલી સલામતી લાગી રહી હતી કે તેનું એ વાત પર ધ્યાન જ ન ગયું કે તે હજીપણ પ્રવાહમાં નીચે તરફ તણાઈ રહ્યો હતો — અને તે પણ ઘણા વેગથી. તેનું એ વાત પર ધ્યાન જ ન ગયું કે તેને જેટલી અપેક્ષા હતી તેટલી સારીરીતે એ કામળો પાણી પર તરી રહ્યો નહોતો. અને તે એટલો સ્થિર પણ નહોતો.

શરૂઆતમાં તો એવું લાગતું હતું કે તે ઝૂલી રહ્યો છે, જાણે કે કોઈ પાણીમાં લાકડાના પાટિયા પર તરી રહ્યું હોય. પણ પછી, જેમજેમ પાણીનો પ્રવાહ તેજ થતો ગયો તેમતેમ કામળો વધારે તેજ ગતિથી હાલવા લાગ્યો અને તેનો અમુક ભાગ પૂરેપૂરો પાણીમાં ડૂબવા લાગ્યો.

અને જેટલો વધારે કામળો આમતેમ ઊછળતો હતો, તેટલો જ વધારે મજબૂતીથી લીઓન તેને પકડતો હતો. તેણે તેની આસપાસ પોતાના પગ મજબૂતીથી વીંટાળી દીધા અને હાથથી તેને વળગીને પોતાનું આખું શરીર કામળામાં ખૂંપાવી દીધું.

રેમી હજીપણ પાછળ હતો, તેણે અત્યંત ડર સાથે આ બધું જોયું. તેણે બૂમ પાડીને કહ્યું, ‘‘લીઓન, મહેરબાની કરીને મારી વાત સાંભળ! એ કામળાને છોડી દે!’’

લીઓને કંઈ જવાબ ન આપ્યો. હવે તે ખૂબ જ સંઘર્ષ કરી રહ્યો હતો; લગભગ એવું લાગતું હતું કે તે એ કામળા સાથે લડી રહ્યો છે. લીઓન અને કામળા, એ બંનેની આસપાસ પાણી ઊછળીને ગોળ-ગોળ ફરી રહ્યું હતું અને તે બંને વારંવાર પાણીમાં ગાયબ થઈ જતા હતા, અને પછી થોડી જ વારમાં ફરીથી પાણીની ઉપર દેખાતા હતા.

‘‘તેને છોડી દે!’’ રેમીએ જોરથી બૂમ પાડી.

છેવટે, લીઓને કહ્યું, ‘‘હું *નથી* છોડી શકતો!’’

‘‘નથી છોડી શકતો એટલે તું શું કહેવા માગે છે?’’

‘‘તે... તે કામળો નથી’’, તેણે નિરાશાપૂર્વક જવાબ આપ્યો.

‘‘તો પછી તે શું છે?!’’

‘‘તે એક રીંછ છે, રેમી! અને હવે તે મને નહીં છોડે!’’

© ૨૦૧૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.